॥ શ્રી મહાવીરાય નમઃ॥

# શ્રી ગ્રેટર બોમ્બે વર્ધમાન સ્થાનકવાસી જૈન મહાસંઘ

સંચાલિત

# માતુશ્રી મણિબેન મણશી ભીમશી છાડવા ધાર્મિક શિક્ષણ બોર્ડ

**Website :** www.jainshikshan.org **E mail :** jainshikshanboard@gmail. com

**૭ જુલાઈ ૨૦૨૪ મહિલા મંડળ કુલ ગુણ : ૧૦૦**

**સૂચના : ૧) જે પ્રમાણે સવાલ પૂછ્યા હોય તે જ પ્રમાણે જવાબ લખવા. વાર્તા કે થોકડાના લાંબા જવાબ લખવા નહિ.**
**૨) આપના જવાબ પેપરમાં આપે ઓપન બુક આપી છે કે રેગ્યુલર તે ખાસ લખજો. જેમણે નહીં લખ્યું હોય તેમનો નંબર આવશે તો પણ નંબર આપવામાં નહીં આવે.**

OPEN BOOK / REGULAR | **શ્રેણી – ૧૧** | WRITER YES / NO

| | | | |
|---|---|---|---|
| STUDENT NAME | | ROLL NO. | |
| DATE OF BIRTH | | MOBILE NO. | |
| SANGH NAME | | SUPARVISOR NAME | |
| MAHILA MANDAL | | SUPARVISOR SIGN. | |

**MARKS**

| 1 | 2 | 3 | 4 | 5 | 6 | 7 | 8 | 9 | 10 | TOTAL |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | | | | | | |

(૧૫)

**પ્ર.૧ સામાયિક પ્રતિક્રમણના આધારે લખો.**

**(૧) પાઠપૂર્તિ કરો.** **(૧૦)**

૧. તસ્સ **ધમ્મસ્સ કેવલી પન્નત્તસ્સ અબ્ભુટ્ઠિઓમિ આરાહણાએ** વિરઓમિ

૨. માણસિઓ **ઉસ્સુત્તો ઉમ્મગ્ગો અકપ્પો અકરણિજ્જો** દુજ્ઝાઓ

૩. સાઈમં **વત્થ પડિગ્ગહ કંબલ પાયપુચ્છણેણં** પાઢિયારૂ

૪. ખામેમિ **ખમાસમણો દેવસિયં વઈક્કમં આવસ્સિયાએ** પડિક્કમામિ

૫. સમ્મં **કાએણં ન ફાસિયં ન પાલિયં ન તીરિયં** ન કિટ્ટિયં

**(૨) નીચેના પ્રશ્નોના જવાબ એક વાક્યમાં લખો.** **(૫)**

૧. સાધુ–સાધ્વીજી ગોચરી લેવા શા માટે જાય છે? **સંયમના રક્ષણ માટે અને જીવન ટકાવવા માટે.**

૨. ઉપભોગ એટલે શું? **જે પદાર્થ ફક્ત એક જ વાર વાપરી શકાય છે તે ઉપભોગ. જેમ કે અનાજ, પાણી વિ.**

૩. અરિહંતનું શરણું શા માટે લેવું જોઈએ? **ભગવાનની આજ્ઞાનું પાલન કરવા માટે અરિહંતનું શરણું લેવું જોઈએ.**

૪. ત્રીજું શ્રમણસૂત્ર શેના વિશે છે? **સ્વાધ્યાય અને પ્રતિલેખનના દોષોથી નિવૃત્ત થવા વિશે છે.**

૫. વર્તમાને કેવળી ભગવાન ક્યાં છે? **પંદર કર્મભૂમિમાં રહેલા પાંચ મહાવિદેહ ક્ષેત્રમાં બિરાજે છે.**

(૫૫)

**પ્ર.૨ (અ) ગુણસ્થાનના આધારે લખો.** **(૪૦)**

**(૧) નીચેના પ્રશ્નોના જવાબ લખો.** **(૧×૧૦)**

૧. પંડગવનથી છટ્ઠી નરક સુધી કયું ગુણસ્થાન સ્પર્શે?

**બીજું અને ચોથું ગુણસ્થાન સ્પર્શે.**

૨. ઉત્કૃષ્ટ નવ વાર કયા કયા ગુણસ્થાન આવે?

**આઠમા, નવમા, દશમા ગુણસ્થાન આવે.**

૩. દશ હેતુ કયા ગુણસ્થાને લાભે? કયા?

**દશમા ગુણસ્થાને દશ હેતુ લાભે. ૧ સંજવલન લોભ અને ૯ યોગ (૪ મન, ૪ વચન, ૧ ઔદારિક).**

૪. ઉપશાંત એટલે શું?

**પાણી દ્વારા સંપૂર્ણ અગ્નિ બુઝાવ્યાની જેમ નહિ, પણ રાખ વડે ઢાંકેલ અગ્નિની જેમ મોહ ઉપશાંત છે.**

૫. કાળ અપેક્ષા ચોથા ગુણસ્થાને કયા ગુણસ્થાનવાળા આવે?

**કાળ અપેક્ષા ચોથા ગુણસ્થાને ૭ થી ૧૧ ગુણસ્થાનવાળા આવે.**

૬. વેદનીય અને મોહનીયના ઉદયે કેટલા ગુણસ્થાન સુધી પરિષહ લાભે?

**વેદનીયના ઉદયે ૧૪ ગુણસ્થાન સુધી અને મોહનીયના ઉદયે ૯ મા ગુણસ્થાન સુધી હોય.**

૭. અપ્રમત્ત ગુણસ્થાનમાં કેટલી અને કઈ ક્રિયા લાભે?

**૧૫ ક્રિયા, ઈરિયાવહિયા, મિચ્છાદંસણવત્તિયા, અપચ્ચક્ખાણવત્તિયા, પરિગ્ગહિયા, કાઈયા આદિ ૫ અને આરંભિયા વર્જીને.**

૮. બારમા ગુણસ્થાને બંધ, ઉદય, ઉદીરણા અને સત્તા કેટલા કર્મની? (માત્ર સંખ્યા લખો.)

**બારમા ગુણસ્થાને બંધ ૧ કર્મનો, ઉદય ૭ કર્મનો, ઉદીરણા ૫/૨ કર્મની, સત્તા ૭ કર્મની.**

૯. ક્ષપક શ્રેણીવાળાને ભાવ કેટલા હોય? કયા?

**ચાર. ઉદય, ક્ષાયિક, ક્ષયોપશમ અને પારિણામિક.**

૧૦. જેને નિયમા પડિવાઈ થવું છે તેને નવમા ગુણસ્થાને સંઘયણ કયું સંઘયણ હોય?

**વજ્રઋષભનારાચ સંઘયણ, ઋષભનારાચ સંઘયણ, નારાચ સંઘયણ**

૧૧. નવમા ગુણસ્થાનનું નામ શું છે? તેના ફળ, ગુણ અને ગતિ લખો. (૫)

**નવમા ગુણસ્થાનનું નામ અનિવર્તિ બાદર ગુણસ્થાન છે.**

**ગુણ : જીવ, અજીવ આદિ નવ તત્ત્વ દ્રવ્યથી, ક્ષેત્રથી, કાળથી, ભાવથી નવકારશીથી છ માસ સુધીનું તપ નિર્વિકાર, અમાયી, વિષય નિર્વાંછાપણે જાણે, શ્રદ્ધે, પ્રરૂપે તથા શક્તિ પ્રમાણે પાલન કરે.**

**ફળ : આ ગુણસ્થાન એક ભવમાં જ. એક વાર ઉ. ચાર વાર આવે. ઘણા ભવમાં જ. બે વાર ઉ. નવ વાર આવે. તે જીવ જ. તે જ ભવે ઉ. ત્રીજા ભવે મોક્ષમાં જાય.**

**ગતિ : શ્રેણીમાં કાળ કરે તો પાંચ અનુત્તર વિમાનમાં ઉપજે.**

**(૨) નીચેનામાં કેટલા અને કયા કયા ગુણસ્થાન લાભે? (૭)**

૧. ઉપશમ શ્રેણી અકષાયીમાં

**એક. ઉપશાંત મોહનીય.**

૨. અકષાયી શુક્લલેશીમાં

**ત્રણ. ઉપશાંત મોહનીય, ક્ષીણ મોહનીય, સયોગી કેવળી**

૩. બે ધ્યાનમાં

**પાંચ. મિથ્યાત્વ, સાસ્વાદન, મિશ્ર, પ્રમત્ત સંયતિ, અપ્રમત્ત સંયતિ.**

૪. મન:પર્યવજ્ઞાનમાં

**સાત. પ્રમત્ત સંયતિ, અપ્રમત્ત સંયતિ, નિવર્ત્તિ બાદર, અનિવર્તિ બાદર, સૂક્ષ્મ સંપરાય, ઉપશાંત મોહ., ક્ષીણ મોહનીય.**

૫. છ લાખ જીવાયોનિમાં

**બે. મિથ્યાત્વ અને સાસ્વાદન.**

૬. આંશિક વ્રત લેવાવાળામાં

**એક. દેશવિરતિ સમ્યક્ દષ્ટિ.**

૭. સામાયિક અવેદીમાં

**એક. અનિવર્તિ બાદર.**

**(૩) યોગ્ય વિકલ્પ પર ટીક કરો. (૮)**

૧. બીજા ગુણસ્થાને ........ સમકિત હોય. (ક્ષાયિક, વેદક, **સાસ્વાદન**)

૨. એક સમય માત્રમાં ........ ગતિએ મોક્ષમાં જાય છે. (**ઉર્ધ્વગતિ,** વિગ્રહગતિ, ઋજુગતિ)

૩. ૧૪ લાખ જીવાયોનિ ....... ગુણસ્થાને હોય છે. (ચોથા, **છટ્ઠા,** પાંચમા)

૪. શ્રેણીમાં ........ જીવ લાભે. (**૧૬૨,** ૧૦૮, ૫૪)

૫. ....... ગુણસ્થાને જઘન્ય અંતર અંતર્મુહૂર્તનું છે. (**પહેલા,** બારમા, ચૌદમા)

૬. ....... નું સાહરણ થતું નથી. (પ્રમત્ત સાધુ, ૧૪ **પૂર્વી સાધુ,** સામાયિક ચારિત્ર)

૭. ચૌદમા ગુણસ્થાને ........ પરિષહ વેદે. (૧૧, ૧૦, ૯)

૮. આઠમા ગુણસ્થાને ........ પરિણામ ન હોય. (વર્ધમાન, **અનવસ્થિત,** હીયમાન)

**(૪) મને ઓળખો.** **(૫)**

૧. એક ગુણસ્થાનનું નામ જે ચારિત્ર પણ છે. **સૂક્ષ્મ સંપરાય**

૨. હું આઠ ગુણસ્થાનની સ્પર્શના કરું છું. **અંતકૃત જીવ**

૩. પાંચ ભૂતમાં મારો સમાવેશ જીવમાં થતો નથી. **આકાશ**

૪. મારામાં બે દંડક છે. **પાંચમા દેશવિરતિ ગુણસ્થાને**

૫. મારી સ્થિતિ સૌથી લાંબી છે. **ચોથું અવિરતિ સમ્યક્ દૃષ્ટિ**

**(૫) નીચેના વાક્યો સાચા છે કે ખોટા? ખોટા હોય તે સુધારીને લખો.** **(૫)**

૧. ૧૩ મા ગુણસ્થાને શુકલ ધ્યાનનો બીજો પાયો હોય છે.

**ખોટું. ૧૩ મા ગુણસ્થાને શુકલ ધ્યાનનો ત્રીજો પાયો હોય છે.**

૨. સાતમા ગુણસ્થાને ત્રણ માર્ગણા હોય છે.

**સાચું.**

૩. ક્ષાયિક સમકિતની સ્થિતિ અનાદિ અનંત છે.

**ખોટું. ક્ષાયિક સમકિતની સ્થિતિ સાદિ અનંત છે.**

૪. સિદ્ધમાં દ્રવ્ય આત્મા હોતો નથી.

**ખોટું. સિદ્ધમાં દ્રવ્ય આત્મા હોય છે.**

૫. ૧૧ મે ગુણસ્થાને પાંચ કર્મની ઉદીરણા કરે છે.

**સાચું.**

**(આ) જીવ પરિણામ પદ – અજીવ પરિણામ પદના આધારે લખો.** **(૧૫)**

**(૧) નીચેના પ્રશ્નોના જવાબ એક વાક્યમાં લખો.** **(૬)**

૧. વટ્ટ સંસ્થાનમાં કેટલા આકાશ પ્રદેશ હોય?

**વટ્ટ સંસ્થાનમાં જઘન્ય પાંચ આકાશ પ્રદેશ હોય.**

૨. કષાય કેટલા છે? કયા? **પાંચ. ક્રોધ, માન, માયા, લોભ, અકષાયી.**

૩. જીવ પરિણામ એટલે શું? **જીવની ગતિ વગેરેની પર્યાયના પરિવર્તનથી થવાવાળી જે અવસ્થા તેને જીવ પરિણામ કહે છે.**

૪. આંખની કીકી અને પગની એડી કેવી હોય? **આંખની કીકી સ્નિગ્ધ અને પગની એડી ખરબચડી.**

૫. બે ગુણ રૂક્ષનું બે ગુણ રૂક્ષ સાથે અને બે ગુણ સ્નિગ્ધનું બે ગુણ રૂક્ષ સાથે બંધન થાય કે નહિ?

**બે ગુણ રૂક્ષનું બે ગુણ રૂક્ષ સાથે બંધન ન થાય અને બે ગુણ સ્નિગ્ધનું બે ગુણ રૂક્ષ સાથે બંધન થાય.**

૬. સૌથી વધુ પરિણામ અને સૌથી ઓછા પરિણામ કયા દંડકમાં હોય?

**સૌથી વધુ પરિણામ મનુષ્ય અને સૌથી ઓછા પરિણામ તેઉ, વાઉના દંડકમાં હોય.**

**(૨) નીચેના પ્રશ્નોના જવાબ માગ્યા પ્રમાણે લખો.** **(૯)**

૧. જુગલિયા હાથી અને ચૌદમા ગુણસ્થાનમાં કેટલા અને કયા પરિણામ હોય? (૪)

**જુગલિયા હાથીમાં ૨૮ પરિણામ ગતિ – ૧ તિર્યંચ, ઈન્દ્રિય – ૫, કષાય – ૪, લેશ્યા – ૪ પહેલી, યોગ – ૩, ઉપયોગ ૨, જ્ઞાન – ૪ બે જ્ઞાન, બે અજ્ઞાન, દષ્ટિ – ૨ સમકિત, મિથ્યાત્વ, ચારિત્ર – ૧ અવિરતિ, વેદ – ૨ સ્ત્રી વેદ, પુરુષ વેદ.**

**ચૌદમા ગુણસ્થાને ૧૧ પરિણામ ગતિ – ૧ મનુષ્ય, ઈન્દ્રિય – ૧ અણિન્દ્રિય, કષાય – ૧ અકષાયી, લેશ્યા ૧ અલેશી, યોગ – ૧ અયોગી, ઉપયોગ – ૨, જ્ઞાન – ૧ કેવળજ્ઞાન, દષ્ટિ – ૧ સમકિત, ચારિત્ર – ૧ યથાખ્યાત, વેદ – ૧ અવેદી.**

૨. માંગ્યા પ્રમાણે જવાબ લખો. લાંતકમાં વેદ, વર્તમાને યોગ, તમસ્તમપ્રભામાં દષ્ટિ (૩)

**લાંતકમાં વેદ ૧ પુરુષ વેદ,**

**વર્તમાને યોગ ૪ મનયોગ, વચનયોગ, કાયયોગ, અયોગી.**

**તમસ્તમપ્રભામાં દષ્ટિ ૩ સમકિત, મિથ્યાત્વ, મિશ્ર.**

૩. બંધન અને અગુરુલઘુ પરિણામ એટલે શું? (૨)

**બંધન : અજીવમાં બે પરમાણુ પુદ્ગલથી માંડીને અનંત પ્રદેશી પુગલનું જોડાવું તે બંધન છે.**

**અગુરુલઘુ : અગુરુલઘુ એટલે ભારે કે હલકો નહિ એવા અજીવ પુદ્ગલ પરિણામ.**

**(૧૦)**

**પ્ર.૩ સંસ્કાર વિભાગના આધારે નીચેના પ્રશ્નોના જવાબ એક વાક્યમાં લખો.**

૧. વડીલોના વિચાર આપણાથી વિરુદ્ધ શા માટે છે? **મારા અશુભ કર્મને કારણે.**

૨. કટુ વચન સહીને કયા સતી મોક્ષમાં ગયા? **સતી અંજના, સતી ચંદનબાળા.**

૩. જાતને કેવી રીતે સુધારવાની છે? **સમભાવ કેળવીને.**

૪. શેના પર પાણી ફરી વળ્યું છે? **મારી બધી અપેક્ષાઓ અને આશાઓ પર.**

૫. કયો સમય બગડે છે અને કયો સમય સુધરે છે? **જે સમય સંસારમાં જાય છે તે બગડે છે અને જે સમય ધર્મમાં જાય છે તે સુધરે છે.**

૬. પૈસો એટલે શું? **પાપ અને દુ:ખની કમાણી.**

૭. સુખી થવું હોય તો શું કરવું? **સુખી થવું હોય તો અપેક્ષા કોઇની રાખવી નહિ.**

૮. ક્રોધને ભગાડવા શું કરવું? **આવશ્યકતા ઘટાડી સાદાઈ વધારવી.**

૯. છૂપી આત્મપ્રશંસા કેવી રીતે થાય છે? **પરનિંદા સાંભળવામાં રસ લેવાથી.**

૧૦. પ્રશંસાથી શું વધે છે? શેનો નાશ થાય છે? **અભિમાન વધે છે, વિનયગુણનો નાશ થાય છે.**

**(૧૦)**

**પ્ર.૪ વાર્તાના આધારે નીચેના પ્રશ્નોના જવાબ માંગ્યા પ્રમાણે લખો.**

૧. રેવતી માંસભક્ષણમાં કેવી રીતે રહેતી હતી? **(૧×૬)**

**રેવતી માંસભક્ષણમાં લોલુપ, આસક્ત, લુબ્ધ તથા તત્પર રહેતી હતી.**

૨. શ્રમણ ભગવાન મહાવીર સ્વામી કઈ નગરીના કયા ચૈત્યમાં પધાર્યા?

**શ્રમણ ભગવાન મહાવીર સ્વામી ચંપા નગરીના પૂર્ણભદ્ર ચૈત્યમાં પધાર્યા.**

૩. જિનપાલની કથા આપણને શું કહે છે?

**જિનપાલની કથા આપણને કહે છે કે જે પોતાના આત્મગુણોમાં મસ્ત રહેશે તે મુક્તિ પામશે.**

૪. રેવતી મરીને ક્યાં ઉત્પન્ન થઈ?

**રેવતી મરીને પ્રથમ રત્નપ્રભા નરકમાં લોલુપાચ્યુત નરકાવાસામાં ઉત્પન્ન થઈ.**

૫. મહાશતકની બાર પત્નીઓ પાસે સંપત્તિમાં શું હતું?

**તેના પિયરથી લાવેલ એક એક કરોડ સોનામહોર તથા દશ દશ હજાર ગાયોનું એક ગોકુળ સંપત્તિમાં હતું.**

૬. કોની આજ્ઞાથી કોણે રત્નદેવીને લવણસમુદ્ર સાફ કરવાનું કહ્યું?

**શક્રેન્દ્રની આજ્ઞાથી લવણસમુદ્રના સુસ્થિત દેવે રત્નદેવીને લવણસમુદ્ર સાફ કરવાનું કહ્યું.**

**૭. કોણ બોલે છે? કોને કહે છે?** **(૪)**

૧) શૈલક યક્ષની પુષ્પપૂજા કરો.

**શૂળીએ ચઢેલા પુરુષે જિનપાલ-જિનરક્ષિતને કહ્યું.**

૨) હે મોતની કામના કરનારા!

**રયણાદેવીએ જિનપાલ-જિનરક્ષિતને કહ્યું.**

૩) મહાશતકની સાધનામાં સ્ખલના થઈ ગઈ છે.

**મહાવીર સ્વામીએ ગૌતમ સ્વામીને કહ્યું.**

૪) તમને ધર્મ, પુણ્ય, સ્વર્ગ તથા મોક્ષથી શું મળશે?

**રેવતીએ મહાશતકને કહ્યું.**

(૧૦)

પ્ર.૫ નીચેના કાવ્યની પૂર્તિ કરો.

૧. સંસાર ........ ઠોસ કરવા.

**સંસાર કહે છે મહેનતથી થાય છે, આગમ કહે છે પુણ્યથી થાય છે.**

**આગમને અનુસરવા, દુનિયાથી જુદું જીવવું છે.**

**લોકો કહે છે ધનથી જીવાય છે, વીતરાગ કહે છે જ્ઞાનથી જીવાય છે. જ્ઞાનને ઠોસ કરવા.**

૨. ધન્ય ........ વીર થયા?

**ધન્ય ધન્ય મેતારજ મુનિને, વીંટી વાધર શિર પર કસીને,**

**ઝીલે સમર્થ સૂર, કર્મ કર્યા ચકચૂર ... મહાસંત ... ક્યારે થઈશું?**

**ઊંડી ખીણમાં જેને નંખાવે, વળી ગર્દન અસિથી ઉડાવે,**

**મુનિ ઝાંઝરિયા, કેવા વીર થયા?**

૩. ધર્મને ........ મરવાનું.

**ધર્મને મેં તો જીવનમાંથી, જૂદો પાડી દીધો, ધનપ્રાપ્તિમાં નડે ન એવો, સગવડિયો કરી દીધો,**

**જીવવું જાણે એવી રીતે, કદી યે ના મરવાનું.**

૪. ગુરુ ........ જાવું.

**ગુરુ કહે તો તપ-જપ કરતા, શ્રાવક વ્રત અવધારું, ગુરુ કહે તો સંસાર છોડી, સંયમને સ્વીકારું,**

**ગુરુકૃપા પ્રભાવે મારે, મુક્તિપુરીમાં જાવું.**

જય - જિનેન્દ્ર


- ❋ PLEASE CONATADØCT DSB HELPLINE NO. 9702277914 FOR FREE ONLINE SHRENI CLASSES.
- ❋ NEXT CLASS STARTS AUGUST 6TH/7TH MONDAY AND TUESDAY
- ❋ TO JOIN OUR TELEGRAM GROUP. CONTACT DSB HELPLINE NO. 9702277914
- ❋ FOR BOOKS AND EXAM REGISTRATION